# પ્રેસનોટ

"નિર્મળ ગુજરાત અંતર્ગત સફાઈ અભિયાન"

સ્વચ્છતાની પ્રવૃતિને વધુ આગળ વધારવા અને ગુજરાત રાજયને સ્વચ્છતા બાબતે દેશમાં એક મોડલ રાજ્ય બનાવવા તા.૨૫/૧૨/૨૦૨૩ સુશાસન દિવસે માન.મુખ્ય મંત્રીશ્રી દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" લોન્ચ કરવામાં આવેલ છે.જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા "નિર્મળ ગુજરાત ૨.૦" નાં ભાગરૂપે સ્વચ્છતા હી સેવાની પ્રવૃત્તિનીને વધુ વેગ આપવા તા.૧ જુન ૨૦૨૪ થી તા.૧૫ જુન ૨૦૨૪ દરમ્યાન જનજાગૃતિ અભિયાન સ્વરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા આજ રોજ તા.૦૩/૦૬/૨૦૨૪ ના રોજ આરોગ્ય વિભાગ દ્વારાશહેરના તમામ ફ્લાય ઓવર, અન્ડર બ્રીજ, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ, રીક્ષા/ટેક્ષી સ્ટેન્ડની સફાઈઅને ટેકનીકલ વિભાગ દ્વારા ફૂટપાથ રીપેરીંગ, સ્ટ્રોમ વોટર ડ્રેઈનની સફાઈ અને પેચવર્કની કામગીરી હાથધરવામાં આવેલ હતી.

આ સફાઈ ઝુંબેશ સેન્ટ્રલ ઝોનમાંદિલ્હીગેટ અને રીંગ રોડ ફ્લાયઓવર બ્રિજ,વરાછાએ ઝોન-માંસીતા નગર ઓવરબ્રિજ,વરાછાબી ઝોન-માંસીમાડા નાકા સર્કલ ફલાય ઓવર બ્રિજ,રાંદેર ઝોનમાંસરદાર બ્રિજ થી વીરસાવરકર બ્રિજ, કતારગામ ઝોનમાંજીલાનીબ્રીજથી માનવ ધર્મ સર્કલમાનસરોવર અંદર બ્રીજ,ઉધનાએ ઝોન-માંસોશીયો સર્કલ ઓવરબ્રીજ,ઉધનાબી ઝોન-માંસચિન માર્કેટ અને ભાથીજી મોહલ્લો,અઠવા ઝોનમાંઅણુવ્રતધ્વાર ઓવરબ્રીજઅનેલીંબાયત ઝોનમાંઆંજણા ઓવર બ્રીજ ખાતેહાથ ધરવામાં આવેલ હતી. જેમાં તમામ ઝોનમાં કુલ૧૧૬૧ સફાઈ કામદાર/બેલદાર, ૭૦ સુપરવાઈઝર,૮૦ વાહનો દ્વારાઝોનલ ચીફશ્રીની દેખરેખ હેઠળસફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

સદર સફાઈ ઝુંબેશમાં સફાઈ કામદાર, NGO/SHG ગ્રુપ તેમજ શહેરીજનો સહીત કુલ૪૮૬૦ લોકો હાજર રહેલ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા દરેક ઝોન વિસ્તાર માંથી કુલ૬૧.૭મે.ટન કચરો અને ૨૨.૩૫મે.ટન C&D વેસ્ટ એકત્રીત કરી C&D વેસ્ટC&D વેસ્ટ કલેક્શન એન્ડ પ્રોસેસિંગ સેન્ટર, કોસાડ

ખાતે મોકલવામાં આવેલ, વધુમાં ભીના કચરાનું કમ્પોસ્ટીંગ બેડ ખાતેમોકલી નિકાલ કરવામાં આવેલ છે તેમજ ટેકનીકલ વિભાગ દ્વારા કુલ302ચો.મી. ફૂટપાથ રીપેરીંગ, ૩૧૭ડ્રેનેજ મશીન હોલ/ચેમ્બરની સફાઈ અને ૩૫૯ચો.મી. પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

આ ઉપરાંતઆવતીકાલ તા.૦૪-૦૬-૨૦૨૪ ના રોજ નીચે મુજબના વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

- સેન્ટ્રલ ઝોન -અઠવાગેટથી મજુરાગેટ અને ભાગલ માર્કેટ
- વરાછા-એ ઝોન -બોમ્બે માર્કેટ થી ઝોન ઓફીસ થઇ જે.બી.ડાયમંડ સર્કલ સુધી
- વરાછા-બી ઝોન - એ.આર મોલ થી ઉત્રાણ વી.આઇ.પી સર્કલ સુધી
- રાંદેર ઝોન - ધનમોર કોમ્પ્લેક્સ થી સરદાર બ્રિજ અને અડાજણ ડી માર્ટ રોડ અડાજણગામ
- કતારગામ ઝોન -પારસ માર્કેટ
- ઉધના-એ ઝોન - વિજયાનગર શાક માર્કેટથી ડૉ.સ્નેહલ તલાટીના દવાખાના સુધી
- ઉધના-બી ઝોન -પાલી ભારતીય તેલ પેટ્રોલ પંપ સામે
- અઠવા ઝોન - અઠવા ગેટ થી પાર્લે પોઇંટ
- લીંબાયત ઝોન -સંજય નગર સર્કલ થી લિલીયાવાળા ખાડી બ્રીજ,મીઠીખાડી